# ઉદ્બોધન

**મા**રા પુસ્તક 'અદ્ભુતમ્ સંસ્કૃતમ્' વિશે એક સમારંભમાં વાત કરતો હતો. તેમાં મેં કહ્યું કે સંસ્કૃત પાસે શું નથી? બધું જ છે. સાહિત્ય, ગણિત, વિજ્ઞાન, કલા, તત્ત્વજ્ઞાન, હાસ્ય, કટાક્ષ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર બધું જ સંસ્કૃતમાં પડ્યું છે. પડ્યું છે એટલું જ નહીં, પરંતુ શ્રેષ્ઠ પડ્યું છે. ત્યાં જ કોઈએ કહ્યું કે આજકાલ મોટિવેશનલ ટૉક ખૂબ થાય છે તો મોટિવેશનલ વાતો અંગે સંસ્કૃત સાહિત્ય શું કહે છે? એટલે મેં તરત જ કહ્યું કે વિશ્વનો સૌપ્રથમ મોટિવેશનલ ટૉક શો તો આજથી પાંચ હજાર વર્ષ પહેલાં જ યોજાઈ ગયો છે. અને તે એટલે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'. અર્જુન જ્યારે યુદ્ધમાં કાકા, દાદા, મામા, ગુરુજી વગેરેને જોઈને જ નિરાશ થઈ ગયો હતો, હથિયાર નીચે મૂકી દીધાં હતાં. આ અર્જુનને ઘણા પ્રશ્નો હતા. આ પ્રશ્નો અને તેના જવાબોનો સંવાદ એટલે જ વિશ્વનો સૌપ્રથમ 'મોટિવેશનલ ટૉક શો'. આ સંવાદ પછી અર્જુને નિરાશા ખંખેરીને ફરી ગાંડીવ ઉપાડ્યું અને તેની પ્રત્યંચા ખેચી અને યુદ્ધની ગર્જના કરી. આનાથી મોટો મોટિવેશનલ ટૉક શો કયો હોઈ શકે? પરંતુ એ સમજાવવા માટે કૃષ્ણ હતા અને સમજવાવાળો અર્જુન હતો.

આજના સમયમાં તો શ્રીમદ્ ભગવદ્ગીતા સમજવી અઘરી પડે તો શું કરવું? અન્ય કોઈ ટૉક શ્લોક સંસ્કૃત સાહિત્યમાં મળી રહે? મેં કહ્યું હા, ઘણા બધા શ્લોક છે. ત્યારે એક મિત્રે વિચાર આપ્યો કે આવું કોઈ પુસ્તક મળી શકે? મેં કહ્યું ધ્યાનમાં તો નથી. કદાચ હોય પણ ખરું! પરંતુ તેમાં ખાલી શ્લોક જ હોય તો આજના યુવા વર્ગને કદાચ મજા ન આવે. તેની સાથે તેને અનુરૂપ કોઈ વાર્તા, કોઈ ઉદ્યોગપતિના જીવનનો પ્રસંગ કે મોટિવેશન કરે તેવી વાત હોય તો મજા આવે. આવું તો કોઈ જ પુસ્તક ધ્યાનમાં નહોતું. એટલે થયું કે આવું જ કોઈ પુસ્તક

લખવામાં આવે તો યુવા વર્ગને ચોક્કસ ગમે. આજકાલ ભારતમાં સનાતનનો વિચાર આજના યુવાઓને ખૂબ જ પસંદ છે. તેને સનાતન સંસ્કૃતિ વિશે જાણવાની જિજ્ઞાસા પણ છે. તેથી આ પુસ્તક પણ યુવાનોને તો ગમશે જ.

હું જ્યારે કૉલેજમાં ભણતો ત્યારથી અત્યાર સુધી પાંડુરંગ શાસ્ત્રીજીને નિયમિત સાંભળતો આવ્યો છું. તેમનાં પ્રવચનોમાં તેઓ ખૂબ જ વૈવિધ્યસભર શ્લોકો અસ્ખલિત રીતે બોલતા હોય છે. આથી તેઓએ કયા પુસ્તકમાંથી આ શ્લોકો લીધા હશે? જે જાણવાની જિજ્ઞાસા થતી. એ જાણવા માટે જુદાં જુદાં ઘણાં પુસ્તકો, ગ્રંથો વાંચવાનો મોકો મળ્યો, જેમાં 'નીતિશતક', 'વિજ્ઞાનશતક', 'વૈરાગ્યશતક', 'શૃંગારશતક', 'વેણીસંહાર', 'શાકુન્તલ', 'રઘુવંશ', 'કુમારસંભવ', 'મેઘદૂત', 'ભોજપ્રબંધ', 'ચાણક્યનીતિ', 'વિદુરનીતિ', 'શિશુપાલવધમ્', 'સરસ્વતી કંઠાભરણમ્' વગેરે વગેરે. આ બધું વાંચતી વખતે એવા શ્લોકો જે મોટિવેશનલ લાગે કે સેલ્ફ હેલ્પ કરે તેવા લાગે કે જીવનને કોઈ માર્ગદર્શન આપે તેવા શ્લોકોની નોંધ કરતો ગયો. આ પછી તેને અનુરૂપ કોઈ મહાપુરુષના જીવનપ્રસંગ કે કોઈ ઉદ્યોગપતિના જીવનની વાત કે કોઈ વાર્તા લખતો ગયો અને થઈ ગયું આ પુસ્તક તૈયાર.

આ પુસ્તકથી એકાદ યુવાનને પણ માર્ગદર્શન મળશે તો ચોક્કસ મારી મહેનત સફળ થઈ લાગશે.

**– પરેશ કે. ભટ્ટ**

*મો. ૮૩૨૦૪૨૩૦૧૪*

*૨૦૪, સ્વરા પાર્ક લેન, જોગર્સ પાર્ક સામે,*

*આતાભાઈ ચોક, ભાવનગર - ૩૬૪૦૦૧*

रथस्यैकं चक्रं भुजगयमिताः सप्ततुरगा,
निरालम्बो मार्गश्चरणविकलः सारथिरपि ।
रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः
क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ॥ १६८ ॥

- ભોજપ્રબંધ

*સૂર્યના રથને એક જ પૈડું છે; તે રથને સર્પોની લગામવાળા જોડેલા ઘોડાઓ બંધાયેલા છે. ગમન કરવાનો માર્ગ - આકાશ આધાર વિનાનો છે, તેમ જ તેનો સારથિ અરુણ પણ પગ વગરનો છે; તો પણ અનંત આકાશને સૂર્ય દરરોજ પાર કરે છે. આથી એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે, મહાપુરુષોની કાર્યસિદ્ધિ તેમના સામર્થ્ય'માં રહે છે, પણ તેમનાં સાધનોમાં રહેતી નથી.*

**સ**ફળતા હંમેશાં દઢ સંકલ્પમાં રહેલી છે. કેટલી સગવડ ને કેટલાં સાધનો છે તેના પર સફળતા આધાર નથી રાખતી.

ઉત્તર પ્રદેશના આંબેડકરનગરમાં 1988માં જન્મેલાં અરુણિમા સિંહા રાષ્ટ્રીય કક્ષાની ફૂટબૉલ અને વૉલબૉલનાં ખેલાડી રહી ચૂક્યાં છે.

11 એપ્રિલ, 2011ના રોજ તેઓ સીઆઇએસએફની પરીક્ષા આપવા માટે લખનૌથી દિલ્હી જઈ રહ્યાં હતાં. ત્યારે ટ્રેનમાં

લૂંટારુઓએ તેમનો સામાન અને ગળામાં રહેલી એક સોનાની ચેઇન ખેંચવાનો પ્રયત્ન કર્યા હતો. તેમનો સામનો કરતાં અને બાથ ભીડતાં લૂંટારુઓએ તેમને ચાલતી ટ્રેનમાંથી બહાર ફેંકી દીધાં હતાં. તેઓ પાટા પર પડ્યાં અને સામેથી આવતી ટ્રેન નીચે તેમનો પગ આવી જતાં તેમને પગ ગુમાવવાનો વારો આવ્યો હતો.

એ રાત્રે તેઓ બે પાટા વચ્ચે આખી રાત પડી રહ્યાં, તેમની બાજુમાંથી લગભગ આઠ ટ્રેન પસાર થઈ ગઈ. તે વિચારતાં હતા કે જો 'હું મારી જગ્યા પરથી ખસી પણ શકતી નહોતી એ સ્થિતિમાં હું જીવી ગઈ છું. તો મને હવે કંઈ જ નહીં થાય. તેઓએ સારવાર દરમિયાન જ માઉન્ટ એવરેસ્ટ સર કરવાનો નિર્ણય કરી લીધો, જેને લોકોએ તેમની મૂર્ખામી ગણાવેલી. એક પગ જ નથી રહ્યો એ વળી એવરેસ્ટ કેવી રીતે ચડે?

પરંતુ અડગ નિશ્ચયથી તેમણે તાલીમ શરૂ કરી. આ તાલીમ દરમિયાન અનેક વખત એવું બન્યું કે ચઢાણ દરમિયાન તેમના કૃત્રિમ પગના બાઉલમાં લોહી ભરાઈ જતું. લોકો આગળ ચડવાની ના પાડતા, પણ તેમણે હાર નહોતી માની. બચેન્દ્રી પાલ પાસે બે વર્ષ સુધી આકરી તાલીમ લીધા બાદ તેમણે 52 દિવસમાં એવરેસ્ટનું શિખર સર કર્યું હતું. તેમણે 21 મે, 2013ના રોજ સતત 17 કલાકના કપરા ચઢાણ બાદ કુલ 8,848 મીટર ઊંચો એવરેસ્ટ સર કરેલો. અહીંથી ન અટકીને તેમણે દુનિયાનાં અન્ય સૌથી ઊંચાં સાત શિખરો સર કરવાનો નિર્ણય કર્યો અને સર પણ કર્યાં.

મિત્રો,

'કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો'

અટલ આત્મવિશ્વાસ, અડગ મન અને એક પગથી એવરેસ્ટ પણ સર કરી શકાય છે એ વાત એક દીકરી તરીકે સાબિત કરી દેખાડી.

उद्यमः साहसं धैर्य बुद्धि : शक्तिः पराक्रमः।
षडेते यत्र वर्तन्ते तत्र दैवं सहायकृत् ॥

*સુભાષિત રત્નાકર.*

*જ્યાં ઉદ્યોગ, સાહસ, ધીરજ, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ હોય છે, ત્યાં જ તકદીર મદદ કરે છે.*

**સે**ન્ડર્સ નામના બાળકનો જન્મ 1890માં હેન્રીવિલે-અમેરિકામાં થયો હતો. જ્યારે તે છ વર્ષનો હતો, ત્યારે તેના પિતાનું અવસાન થયું, સાતમા ધોરણમાં તેણે શાળા છોડી દીધી અને ખેતરમાં કામ કરવા માટે ઘર છોડી દીધું. 16 વર્ષની ઉંમરે તે યુનાઇટેડ સ્ટેટ્સની સેનામાં ભરતી થયો. પછી રેલવે દ્વારા મજૂર તરીકે નોકરી પર રાખવામાં આવ્યો. જોકે સહકાર્યકરો સાથે મારપીટ કરવા બદલ તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં

આવ્યો હતો. એ પછી જીવન વીમો વેચવાની નોકરી મેળવવાની ફરજ પડી, પરંતુ થોડા સમયમાં ત્યાંથી પણ બરતરફ કરવામાં આવ્યો. આમ છતાં આ વ્યક્તિ હાર માની નહીં. પછી 1920માં બોટ ખરીદીને ફેરી શરૂ કરી તેમાં કમાયો તો એ પછી નવી લૅમ્પ મૅન્યુફૅક્ચરિંગ કંપની શરૂ કરવા તેના ફેરી બોટના વ્યવસાયમાંથી પૈસા ઉપાડ્યા પરિણામેં બંને ધંધા બંધ થયા.

ફરી તેણે ચાર વર્ષ પછી, એક મોટેલ ખરીદી જેમાં રેસ્ટોરાં સાથે આગ લાગી અને સળગી ગઈ. ત્યાર બાદ એ પણ બંધ કરવાનો વારો આવ્યો. છતાં સેન્ડર્સ નિરાશ ન થયો.

બીજા વિશ્વયુદ્ધ પછી, સેન્ડર્સે નવી રેસ્ટોરાં સ્થાપી અને તેની ફ્રેન્ચાઇઝી આપવાનો પ્રયાસ કર્યો. તેની રેસિપી 1009 વખત નકારી કાઢવામાં આવી હતી. એ પછી તેણે ફરી નવી રેસિપી ઘડી જે સેન્ડરની 'ગુપ્ત રેસિપી'ને 'કેન્ટુકી ફ્રાઇડ ચિકન' તરીકે ઓળખવામાં આવી હતી. આ 'કેન્ટુકી ફ્રાઇડ ચિકન' એટલે જ વર્લ્ડ ફેમસ KFC.

KFCનું આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ થયું અને તેણે કંપનીને બે મિલિયન ડૉલર (આજના $ 15.3 મિલિયન)માં વેચી દીધી. આજે પણ સેન્ડર્સ કેએફસીના બ્રાન્ડિંગમાં દેખાય છે અને તેનો ચહેરો હજુ પણ તેના લોગોમાં દેખાય છે. તેની બકરી જેવી દાઢી, સફેદ પોશાક અને પશ્ચિમી સ્ટ્રિંગ ટાઈ એ સમગ્ર વિશ્વમાં સ્વાદિષ્ટ દેશી તળેલા ચિકનનું પ્રતીક છે.

90 વર્ષની ઉંમરે અવસાન થયું. 2024માં વિશ્વના 147 દેશો અને પ્રદેશોમાં ઓછામાં ઓછાં 29,000 KFC આઉટલેટ્સ છે. તેમાંથી 10,000 સ્ટોર એકલા ચીનમાં છે, જ્યારે ભારતમાં 852 સ્ટોર્સ છે, જેમાંથી 102 તો ફક્ત તામિલનાડુમાં જ આવેલા છે.

खळः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति।
आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति॥

*સંસ્કૃત રત્નાવલી*

*દુષ્ટ માણસ બીજાના સરસવના દાણા જેટલા નાના દોષોને પણ જોઈ લે છે, પણ પોતાનામાં બીલીના ફળ જેટલા મોટા દોષ પણ નથી જોતા.*

**મ**હાભારતમાં એક પ્રસંગ છે કે એક દિવસ કૃષ્ણ ભગવાન પાસે સવારના સમયે દુર્યોધન અને યુધિષ્ઠિર બંને આવે છે. કૃષ્ણ ભગવાન દુર્યોધનને કહે છે કે આ વિશ્વમાં સારામાં સારો માણસ હોય તેને શોધીને મારી પાસે લાવો. એ જ રીતે યુધિષ્ઠિરને પણ કહે છે કે આ વિશ્વમાં ખરાબમાં ખરાબ માણસ હોય તેને શોધીને મારી પાસે લાવો. એક વર્ષ પૂરું થતા  દુર્યોધન અને યુધિષ્ઠિર બંને જણા કૃષ્ણ પાસે આવે છે. દુર્યોધન કહે છે કે ભગવાન હું આખા

વિશ્વમાં ફર્યો, પરંતુ મને એક પણ સારો માણસ ન મળ્યો અને યુધિષ્ઠિર પણ કહે છે કે હું આખા વિશ્વમાં ફર્યો, પરંતુ મને એક પણ ખરાબ માણસ ન મળ્યો. આપણું પણ આવું જ છે. આપણે સારા તો જગત સારું અને આપણે ખરાબ તો જગત ખરાબ. બદલાવ આપણામાં લાવવાનો છે. જીવનમાં પૉઝિટિવ આઉટલુક એટલે જ રાખવાનો છે. મોટા ભાગે આપણે બીજાના દોષ જ જોઈએ છીએ. એક આંગળી બીજા તરફ કરીએ છીએ ત્યારે પણ ત્રણ આંગળી આપણા તરફ જ રહેતી હોય છે.

સદીઓ પહેલા એક રાજાને ચાલતી વખતે પગમાં ધૂળ ખૂબ આવતી. પરિણામે તેને ધૂળની ઍલર્જી થઈ ગઈ. વૈદ્યે સલાહ આપી કે તમે ધૂળમાં બહુ ન ચાલતા, નહીં તો તમારી ચામડી સારી નહીં રહે. આથી રાજાએ સમગ્ર રાજ્યમાં જ્યારે પણ ફરવાનું થાય ત્યારે પાણીનો છંટકાવ કરાવે. આથી ખૂબ મજૂરો જોઈએ, પાણીનો પણ વ્યય થાય અને પૈસા પણ ખૂબ ખર્ચાય. એક દિવસ એક વિદ્વાન માણસ ગામમાં આવે છે અને કહે છે મહારાજ આ બધી માથાકૂટ મૂકો અને સારી મોજડી પહેરવાનું શરૂ કરો. એ દિવસથી મોજડીની શોધ થઈ. એટલે જ જલાલુદ્દીન રુમીએ કહ્યું છે કે 'Yesterday I was clever, so I wanted to change the world. Today I am wise, so I am changing myself.' 'ગઈ કાલ સુધી હું હોશિયાર હતો, તેથી હું વિશ્વને બદલવા માગતો હતો. આજે હું સમજદાર છું, તેથી હું મારી જાતને બદલી રહ્યો છું.'

उपस्थिते विप्लव एव पुंसां
समस्तभावः परिमीयतेऽतः ।
अवाति वायौ नहि तूलराशेर्गिरेश्च
कश्चित्प्रतिभाति भेदः ॥ १५४ ॥

ભોજ

*મુશ્કેલી ઉત્પન્ન થાય છે ત્યારે જ માણસના અંતઃકરણના સર્વ ભાવનું માપ નીકળે છે. પવન વાતો નથી હોતો ત્યાં સુધી તો રૂના ઢગલામાં અને પર્વતમાં પણ કશો ભેદ દેખાતો નથી. એ જ પ્રમાણે ધીર પુરુષો વિપત્તિ સમયે પર્વતની પેઠે અચલ રહીને તોફાનોનો સામનો કરતા રહે છે; પરંતુ કાયરો રૂના ઢગલાની પેઠે ક્યાંયના ક્યાંય અદશ્ય થઈ જાય છે, અર્થાત્ તેઓ વિપત્તિઓ સામે ટકી શકતા નથી.*

**1**994માં, જેફ બેઝોસે ઍમેઝૉનની સ્થાપના કરી હતી. એક રૂમમાં, એક ટેબલ પર એક કૉમ્પ્યુટર અને ઇન્ટરનેટનું જોડાણ અને સામે ખુરશી પર એ બેસે. કોઈ સ્ટાફ નહીં, પોતે જ પુસ્તક લાવે, પૅક કરે અને કુરિયર કરે. શરૂઆતમાં, ઍમેઝૉન એક ઑનલાઇન બુકસ્ટોર તરીકે જ શરૂ થયું હતું. તે સમયે, ઇન્ટરનેટ નવું હતું અને ઑનલાઇન ખરીદીનો વિચાર પણ ઘણા લોકોને અસમંજસમાં મૂકતો હતો. પૈસા ચૂકવ્યા પછી વસ્તુ મોકલશે કે

નહીં? મોકલશે તો આપણે મગાવી છે એ જ વસ્તુ આવશે? કલર, ડિઝાઇન, સાઇઝ અન્ય તો નહીં આવે ને? આવી અનેક દ્વિધાઓ લોકોના મનમાં હતી. કદાચ વસ્તુ ન આવે તો પૈસા કેમ પરત આવશે? વસ્તુ નહીં ગમે તો? આવા અનેક સવાલો લોકોના મગજમાં હતા.

1999માં, ઈ-કૉમર્સ બબલ ફાટવાના કિનારે હતું. ઍમેઝૉનના શૅરમાં 90%થી વધુ કીમત ઘટી ગઈ, અને ઘણા લોકો માનતા હતા કે કંપની ટકી નહીં શકે. લોકો ઈ કોમર્સ કંપનીઓના શેર સતત વેચી રહ્યા હતા. ઈ-કૉમર્સ કંપનીઓને અસ્તિત્વ ટકાવી રાખવું મુશ્કેલ હતું. સ્ટૉક માર્કેટના દબાણ અને નાણાકીય ખોટ વચ્ચે, જેફ બેજોસે ધીરજ રાખી અને પોતાનું ધ્યાન લાંબા ગાળાના વિઝન પર કેન્દ્રિત કર્યું.

જ્યારે બીજાં સ્ટાર્ટઅપ્સ આ સમયગાળા દરમિયાન તૂટી પડ્યાં, બેજોસ એનાં મૂલ્યો અને કંપનીના હેતુને વળગી રહ્યા. તેમણે પ્રોડક્ટ લાઇનને વિસ્તૃત કરી અને નવા વિઝન સાથે ઍમેઝૉન પ્રાઇમ, AWS (ઍમેઝૉન વેબ સર્વિસિસ), અને કિન્ડલ જેવી સેવાઓની શરૂઆત કરી. આ ઉપરાંત નવી નવી વસ્તુઓ સતત ઍડ કરતા ગયા. લોકોને કલ્પનામાં ન હોય એવી વસ્તુઓ તેમાં ઉમેરાતી ગઈ. જે વ્યક્તિઓ પાસે વસ્તુઓ છે, પણ માર્કેટ નથી કે દુકાન કરી શકવાના પૈસા નથી આવી વ્યક્તિઓ પણ પોતાની શ્રેષ્ઠ વસ્તુઓ લઈને માર્કેટમાં આવી. આ તમામ નવાં પગલાંએ ઍમેઝૉનને વિશ્વનું સૌથી મોટું રિટેલર અને ટૅક્નૉલૉજી કંપનીઓમાંનું એક બનાવ્યું.

જેફ બેજોસની આ સમજણ અને અચળતા એ જ છે કે તેણે બિઝનેસનાં તમામ તોફાનોનો સામનો કરીને ઍમેઝૉનને ટોચની સિદ્ધિ સુધી પહોંચાડ્યો.

साहित्य-संगीत कलाविहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः।
तृणं न खादन्नपि जीवमानः
तद्भागधेयं परमं पशूनाम् ॥

*નીતિશતક*

*સાહિત્ય, સંગીત અને કલા વિનાનો માણસ નખ અને શિંગડાં વિનાના પ્રાણી જેવો છે. અને તે પ્રાણીઓનું નસીબ છે કે તેઓ તેમના જેવું ઘાસ ખાતાં નથી.*

**એ**ક વખત એક વાંસળીવાદક હતો. ખૂબ સુંદર વાંસળી વગાડતો હતો. વાદકનો રાજાના દરબારમાં પ્રોગ્રામ હતો. રાજા તેની વાંસળી સાંભળીને ખૂબ જ ખુશ થયા. તેને ખૂબ જ ઇનામો આપ્યાં, સોનામહોર અને ધન આપ્યું. વાંસળીવાદક તો ખુશ ખુશ થતો પોતાને ગામ જવા નીકળ્યો. રસ્તામાં જંગલ આવતું હતું. વાંસળીવાદક તો પોતાની મસ્તીમાં ચાલતો ચાલતો જતો હતો ત્યાં જ ડાકુઓની ટોળકી આવી અને તેને પકડી લીધો. તેની પાસે હતું એ બધું જ ધન લૂંટી લીધું. વાંસળીવાદકને થયું કે

મહારાજે કેટલું બધું ધન આપ્યું, પણ આ ડાકુઓ બધું જ લૂંટી લેશે. ડાકુઓએ બધું ધન લૂંટી લીધા પછી કમર પર ભરાવેલી તેની વાંસળી પણ આંચકી લીધી. વાંસળીવાદકે કહ્યું કે ભાઈ, આ વાંસળી મને પાછી આપી દો, એ તો વાંસની છે, તેને વેચવા જશો તો  તેની કંઈ કિંમત પણ નહીં આવે. તેની વિનંતી અને આજીજી સાંભળીને સરદારને દયા આવી ગઈ, પણ સરદારને શું કમત સૂઝી કે વાંસળીવાદકને કહે, વાંસળી પાછી આપું, પણ તારે વાંસળી સંભળાવવાની. વાંસળીવાદક રાજી થતો થતો કહે એમાં શું! એમ કહીને તે વાંસળીના સૂર છેડવાનું શરૂ કરે છે. તેની મધુર વાંસળીના સૂરોએ વાતાવરણમાં અદ્ભુત શાંતિ પ્રસરાવી દીધી. વાંસળીવાદક એક પછી એક રાગ છેડતો ગયો અને બધા ડાકુઓ તેના સંગીતમાં ડૂબી ગયા. જીવનમાં ક્યારેય આવું મધુર સંગીત સાંભળેલું નહીં. જીવનમાં આવી અદ્ભુત શાંતિનો અનુભવ જ ક્યારેય થયેલો નહીં. જ્યારે વાંસળીવાદકે તેની વાંસળી વગાડવાનું બંધ કર્યું ત્યારે ડાકુના સરદારે ખુશ થઈને કહ્યું કે અમે તારા સંગીતથી ખૂબ જ ખુશ થયા છીએ એમ કહીને તેનું લૂંટલું ધન પરત આપ્યું અને ઉપરાંત પોતાની પાસેનું બીજું ધન પણ તેને આપે છે.

ત્યારે વાંસળીવાદકને થાય છે કે જીવનમાં કોઈ એક કલા હોય તો જીવન જરૂર તરી જવાય છે.